| ૨ | ચાંદો પાણીમાં કોરોકટ્ટ |
|---|---|

## ચાલો, ગાઈએ ગીતડું :

ઝાડની સાથે દોસ્તી મારે, પાનની સાથે દોસ્તી,
હર્યાંભર્યાં પંખીઓનાં ગાનની સાથે દોસ્તી.

કેરમ સાથે દોસ્તી મારે કોડી સાથે દોસ્તી.
રંગરંગના કાગળની હોડી સાથે દોસ્તી.

મમ્મી સાથે દોસ્તી મારે પપ્પા સાથે દોસ્તી
સૌથી મારાં ગળ્યાંગળ્યાં ગપ્પાં સાથે દોસ્તી.

- સુરેશ દલાલ

## શું લખ્યું છે ? અરીસાની મદદથી વાંચીને લખો.

(૧) [illegible] ______ (૨) [illegible] ______

(૩) [illegible] ______

(૪) [illegible] ______

(૫) [illegible] ______

(૬) [illegible] ______

(૭) [illegible] ______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## વાર્તા સાંભળો વાંચો :

### ચાંદો પકડ્યો :

એક મોટું જંગલ હતું. જંગલમાં એક તળાવ. તેના કાંઠે એક ઝાડ. તે ઝાડ ઉપર વાંદરાની એક ટોળી રહેતી. કેટલાક મોટા મોટા વાંદરા અને કેટલાંક નાનાં નાનાં બચ્ચાં. મોટા વાંદરા જેટલાં શાંત અને શાણાં એટલાં જ બચ્ચાં તોફાની. આખો દિવસ ઝાડનાં મીઠાં ફળ ખાધા કરતાં ને તોફાનમસ્તી કર્યા કરતાં. વળી, તેમનાં તોફાન પણ કેવાં! એકથી બીજા ઝાડ ઉપર કૂદવું ને આમતેમ દોડવું. બસ, આખો દિવસ ધમાલમસ્તી. કોઈ ઝાડની ડાળીએ ઊંધે માથે લટકે, તો કોઈ વળી બીજાની પૂંછડી ખેંચીને ભાગી જાય. રાત પડે તોય બચ્ચાં થાકે જ નહીં.



એક પૂનમની રાત્રે આકાશમાં સરસ મજાનો, મોટી થાળી જેવો ગોળ ચાંદો દેખાતો હતો. મોટા વાંદરા સૂઈ ગયા હતા પણ બચ્ચાંની તોફાનમસ્તી તો ચાલુ જ હતી. ચિંકુ, મિંકુ, ટિંકુ અને પિંકુ ચારેય પાક્કાં મિત્રો હતાં. તેઓ ધીમે અવાજે વાતો કરી રહ્યા હતા. વાતવાતમાં, ચિંકુએ તળાવના પાણી તરફ જોયું. તે ચોંકી ઉઠ્યો અંદર તો ચાંદો!




ચિંકુ મનોમન બોલ્યો, ‘‘નક્કી, ચાંદો તળાવમાં પડી ગયો છે.’’ તે ઝટપટ મિંકુ, ટિંકુ અને પિંકુને ચાંદો બતાવતાં બોલ્યો, ‘‘જુઓ, જુઓ, ચાંદો તળાવમાં પડી ગયો છે.’’ મિંકુ કહે, ‘‘હા, હા, આ તો ચાંદો જ છે.’’ ટિંકુ કહે, ‘‘અરે! હોય કંઈ! આ તો સરસ મજાનું ફળ છે.’’ પિંકુ કહે, ‘‘ચાંદો હોય કે ફળ, આપણે તેને પાણીમાંથી બહાર કાઢીને જ રહીશું. પણ કાઢીશું કેવી રીતે?’’ મિંકુ કહે, ‘‘ચાલો, આપણા મમ્મીપપ્પાને જગાડીએ.’’ ટિંકુ કહે, ‘‘ના, ના, હોં. એવું તો બિલકુલ કરાય જ નહીં. મોટાં કંઈ બહુ





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બહાદુર હોતાં નથી.'' ચિંકુ કહે, ''સાંભળો. મને એક યુક્તિ સૂઝી છે. આપણે ચારેય એકબીજાની પૂંછડી પકડીને ઝાડ પરથી લટકીએ અને બિચારા ચાંદાને બહાર લઈ આવીએ.''




ત્રણેય મિત્રોને ચિંકુની યુક્તિ ગમી ગઈ. ચારેયે ભેગા મળીને યુક્તિ અમલમાં મૂકી. એમના માટે તો આ બહાદુરીની સાથે સાથે ગમ્મતનું પણ કામ હતું. મિંકુ ઝાડની ડાળી પકડીને, ટિંકુ મિંકુની પૂંછડી પકડીને, પિંકુ ટિંકુની પૂંછડી પકડીને અને ચિંકુ પિંકુની પૂંછડી પકડીને લટક્યા.





જેવો ચિંકુએ ચાંદાને બહાર કાઢવા પાણીમાં હાથ નાખ્યો કે તળાવનું પાણી હલી ગયું અને ચાંદો પણ સળવળ્યો. ચિંકુ હજી કશું વિચારે તે પહેલા તો મિંકુના હાથમાંથી ડાળી છૂટી ગઈ અને ચારેય ધબાક કરતાં પાણીમાં પડ્યાં.



ધબાકો સાંભળી મોટા વાંદરા જાગી ગયા અને ઝટપટ બચ્ચાંને પાણીમાંથી બહાર કાઢ્યાં. વાનરદાદા કપિલાલ ચારેય બચ્ચાંને સમજાવતાં બોલ્યા, ''ચાંદો કદી તળાવમાં પડી ન જાય. જુઓ, ચાંદો તો એ રહ્યો આકાશમાં ચિંકુ, મિંકુ, ટિંકુ અને પિંકુ ઘડીક આકાશમાં જુએ તો ત્યાં ચાંદો દેખાય, ને પછી પાણીમાં જુએ તો ત્યાં પણ ચાંદો દેખાય.''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

(૧) આ વાર્તામાં તમને સૌથી વધારે મજા ક્યારે આવી?

(૨) વાંદરા પાણીમાં પડી ગયા ત્યારે તમને કેવું લાગ્યું?

(૩) પહેલા ચિત્રમાં તમને કયું વાંદરું સૌથી વધુ ગમ્યું?

(૪) તમે તોફાન કરતાં વાંદરાં કે કૂતરાં જોયાં છે ? તે શું કરતાં હોય છે?

(૫) તમે ઘરમાં કેવાં કેવાં તોફાન કરો છો?

## જવાબ આપો :

(૧) ચોથા ચિત્રમાં વાંદરાનાં બચ્ચાં શું કરી રહ્યાં છે?

(૨) પાંચમા ચિત્રમાં શું - શું દેખાઈ રહ્યું છે?

(૩) વાંદરાનાં બચ્ચાં કેવાં કેવાં તોફાન કરતાં હતાં?

(૪) પાણીમાં પડેલો ચાંદો તરતો હશે કે ડૂબી ગયો હશે?

(૫) ખરેખર ચાંદો પાણીમાં પડી જાય?

(૬) બચ્ચાંને એવું કેમ લાગ્યું કે ચાંદો પાણીમાં પડી ગયો છે?

(૭) ચાંદો તળાવમાં અને આકાશમાં બંને જગ્યાએ કેમ દેખાતો હતો?

(૮) ચિંકુની ટોળકી હવે પછી શું કરશે?

## સાચું કે ખોટું ? સાચું હોય તો હસતા પર ✓ કરી મોટેથી સાચું સાચું હસો ખોટું હોય તો રડતાં પર ✓ કરી મોટેથી ખોટું ખોટું રડો :

વારાફરતી વાક્યો વાંચો. એ વાક્ય જેટલા વિદ્યાર્થીઓ સાચું માનતા હોય તેમને ઊભા થઈ હસવાનો અને જે વિદ્યાર્થીઓ ખોટું માનતા હોય તેમને ઊભા થઈ રડવાનો અભિનય કરવા કહો. તેમને ચર્ચા કરી વાક્ય સાચું છે કે ખોટું તે નક્કી કરવા કહો.

(૧) બચ્ચાં એકબીજાની પૂંછડી ખેંચવાની રમત રમતાં હતાં.

(૨) વાંદરા ઝાડ પરનાં ખાટાં ફળો ખાતા હતા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૩) તળાવના પાણીમાં ચાંદાનો પડછાયો દેખાતો હતો.

(૪) ચાંદો ધબાક દઈને પાણીમાં પડ્યો.

(૫) ચાંદાને બહાર કાઢવા બધાં બચ્ચાં દોડી આવ્યાં.

(૬) પાણીમાં ચાંદા જેવી, રોટલી પડેલી હતી.

**શબ્દો વાંચો. જે શબ્દો માત્ર વાર્તામાં આવતા હોય તેની આગળ [વા.] લખો. જે માત્ર ચિત્રમાં દેખાતું હોય તેની આગળ [ચિ.] લખો અને જે વાર્તા અને ચિત્ર બંનેમાં હોય તેની આગળ [વા. ચિ.] લખો. તે શબ્દ પરથી વાક્ય લખો :**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ઝાડ | - | વા. ચિ. | બગીચામાં ઘણાં ઝાડ છે. |
| (૨) | શાંત | - | | |
| (૩) | જંગલ | - | | |
| (૪) | વાંદરું | - | | |
| (૫) | પાણી | - | | |
| (૬) | ડાળી | - | | |
| (૭) | થડ | - | ચિ. | |
| (૮) | અવાજ | - | | |
| (૯) | વિચાર | - | વા. | |
| (૧૦) | પૂંછડી | - | | |

- **ચાલો, ગાઈએ ગીતડું :** ઝાડની સાથે દોસ્તી

**અભિનય કરી વાક્યો બોલો :**

(૧) અરે! તમે બધાં જલદી અહીં આવો. જુઓ, ચાંદો તળાવમાં પડી ગયો છે.

(૨) ના, ના, આ ચાંદો નથી; આ તો સરસ મજાનું ફળ છે.

(૩) ચાંદો હોય કે ફળ, એને પાણીમાંથી જલદી બહાર તો કાઢો.

(૪) ચાંદો કદી તળાવમાં પડી ન જાય. જુઓ, ચાંદો તો એ આકાશમાં દેખાય.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાક્યોને વાર્તા મુજબનો ક્રમ આપો :

- [ ] બધાંએ તળાવમાંથી ચાંદો બહાર કાઢવાનું નક્કી કર્યું.
- [ ] પહેલા વાંદરાના હાથમાંથી ડાળખી છટકી ગઈ.
- [ ] વાંદરા ઝાડ પર કૂદાકૂદ અને હૂપાહૂપ કરતા હતા.
- [ ] તળાવમાંથી ચાંદો પકડાયો નહીં.
- [ ] એક વાંદરાએ તળાવમાં ચાંદાનો પડછાયો જોયો.
- [ ] બધા વાંદરા ધબાક કરીને નીચે પડ્યા.
- [ ] બધાં એક પછી એકની પૂંછડી પકડીને તળાવમાં લટક્યાં.

## ટપકાં જોડી પડછાયો પૂરો કરો અને રંગ પૂરો :





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગીત ગાઓ :

### નાચે તાતા થૈયા!

કેવું આ આકાશ ચીતર્યું
ચાંદો - સૂરજ - તારા,
કેવાં વન વન ઉપવન સર્જ્યાં
ફૂલના રંગ-ફુવારા?
કેવાં સર્જ્યાં ઝાકળ મોતી
કીડી કેરી આંખો,
કેવાં સર્જ્યાં ઝરણાં - હરણાં
પતંગિયાની પાંખો?
ચીતર્યા કેવા મેઘધનુ શા
રંગબેરંગી મોર,
મધમીઠા આ સર્જ્યા કેવા
કોકિલના કલશોર?
છમ્મલીલી આ ધરતી ને
રંગરંગ વાદળીઓ,
કેવો ચીતર્યો જુઓ મોજથી
વહાલભર્યો આ દરિયો?
કેવી સર્જી માવલડી -
ઘરઘર બાળ કનૈયા,
નેહ ભરેલાં નયણાં સામે
નાચે તાતા થૈયા!

- રમેશ ત્રિવેદી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

(૧) તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા આવી? ફરીથી ગાઓ.

(૨) તમે જોયેલાં ફૂલનાં નામ અને તેના રંગ કહો.

(૩) તમે મેઘધનુષ જોયું છે? તેમાં કયા કયા રંગ દેખાય છે?

(૪) મોરને કયા કયા રંગો હોય છે?

(૫) કોકિલ બોલ્યો કહેવાય કે બોલી? શિક્ષક સાથે વાતચીત કરી નક્કી કરો.

## ✓ કે ✗ કરો :

(૧) ઉપવન એટલે જંગલ. ☐

(૨) કોયલની સરખામણી મેઘધનુષ સાથે કરવામાં આવી છે. ☐

(૩) વાદળીઓ લીલા રંગની છે. ☐

(૪) વરસાદ શરૂ થતાં પહેલાં હંમેશાં મેઘધનુષ દેખાય છે. ☐

(૫) નેહ ભરેલાં નયણાં એટલે પ્રેમભરી આંખો. ☐

## ગીતમાંથી શોધો અને લખો :

| આકાશમાં દેખાય છે. | ધરતી પર દેખાય છે. |
|---|---|
| ચાંદો | દરિયો |
| | |
| | |
| | |
| | |

## જોડીમાં કામ કરો. આપેલા શબ્દો સાથે જોડાયેલા ત્રણ શબ્દો લખો :

(૧) સૂરજ - આકાશ, પ્રકાશ, દિવસ

(૨) જંગલ - ______, ______, ______

(૩) બગીચો - ______, ______, ______

(૪) વાદળાં - ______, ______, ______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● **ચાલો, ગાઈએ ગીતડું : ઝાડની સાથે દોસ્તી**

⬡ **સરખા બોલાતા શબ્દો ગીતમાંથી શોધી અને લખો :**


(૧) તારા - ફુવારા

(૨) આંખો - ______

(૩) ઝરણાં - ______

(૪) મોર - ______

⬡ **ગીતમાં જેની વાત આવતી હોય તેમાં જ રંગ પૂરો :**





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આવું કોણ બોલે ? :

| | | | |
|---|---|---|---|
| હોંચી હોંચી | | હાઉ હાઉ | |
| ચીં ચીં | | હૂપ હૂપ | |
| ચૂં ચૂં | | ટેહૂક ટેહૂક | |
| બેં બેં | | કલબલ કલબલ | |
| ઘૂ ઘૂ | | મ્યાઉં મ્યાઉં | |

## મોટેથી વાંચો :

**ઉંદર - બકરી જંગલમાં ફરવા જવા વિશે વાત કરે છે.**

ઉંદર : ચૂં ચૂં ચલને, ચૂં જંગલમાં ફરવા ચૂં જઈએ.

બકરી : બેં બેં પણ, બેં વાઘ આવશે બેં બેં તો ?

ઉંદર : ચૂં ચૂં અરે ! ચૂં ચૂં વાઘ ચૂં આવશે તો આપણે ચૂં ભાગી જઈશું ચૂં ચૂં.

બકરી : ના, બેં બેં મને બેં તો બીક લાગે બેં બેં છે.

ઉંદર : સારું, ચૂં ચૂં ચૂં ચૂં તો આપણે એવું ચૂં ચૂં કરીએ, ચૂં આપણે બીજા ચૂં ચૂં ચૂં મિત્રોને પણ ચૂં ચૂં સાથે ચૂં લઈને જઈએ ચૂં ચૂં.

બકરી : બેં બેં બેં હા, બેં તે આ સરસ બેં બેં વાત બેં કહી. બેં બેં ચાલો, બેં બેં આપણે બધાં બેં બેં બેં સાથે જંગલમાં ફરવા બેં બેં જઈએ.


- **કેવી રીતે વાતો કરે ? શી વાતો કરે ?**


> કોઈ એક વિદ્યાર્થીને તેની ચોપડીનું ૧ થી ૨૦માંથી કોઈ એક પાનું ખોલવા કહો. જે નંબરનું પાનું ખૂલે તે ક્રમની ચિઠ્ઠી મુજબના પ્રાણી કે પંખીઓના અવાજમાં તેના મિત્ર સાથે કોઈ એક મુદ્દા વિશે વાતો કરવા કહો. વાતોના મુદ્દા નીચે આપેલા છે.

- **ચાલો, જંગલમાં ફરવા જઈએ.**
- **ગઈકાલે શું કર્યું?**
- **મારા ઘરે જમવા આવો.**
- **ચાલો, સિંહને હેરાન કરીએ.**
- **ભય છે, ભાગો.**
- **રમવા જઈએ.**





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in























































**જોડીમાં કામ કરો. 'ત્ર' વાળો શબ્દ વાંચો ત્યારે મિત્ર સાથે હાથ મિલાવો અને 'ત્ર' પર ☐ કરો :**


| | | |
|---|---|---|
| મિત્ર | બુદ્ધિ | પુત્રી |
| નદી | ત્રિકોણ | શંખ |
| મુશ્કેલી | વૈદ્ય | ત્રીજું |
| સૂત્ર | કિલ્લો | વિશ્વાસ |
| દોસ્ત | રાત્રી | ક્ષત્રિય |
| ત્રાજવું | નિર્જન | ત્રેપન |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## લખો :





## નીચેના શબ્દો જોડીમાં વાંચો ‘શ્ર’ વાળો શબ્દ વાંચો ત્યારે મિત્રના ખભા પર હાથ મૂકો અને ‘શ્ર’ પર ☐ કરો :

| | | |
|---|---|---|
| શ્રમ | શ્રીખંડ | દ્રાક્ષ |
| બ્રાહ્મણ | અષાઢ | શ્રેષ્ઠ |
| શ્રાવણ | પ્રણામ | યુક્તિ |
| વજ્ર | શ્રીફળ | પક્ષી |
| મૂર્ખ | શ્રીમાન | ગર્જના |
| આશ્રમ | વ્રજ | શ્રોતા |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## લખો :




- **ચાલો, ગાઈએ ગીતડું :** ઝાડની સાથે દોસ્તી

## વાંચો :

### વરસાદ પછી...

જોડીમાં બેસાડવા. એક વિદ્યાર્થી વાંચે ત્યારે બીજો સાંભળે. તેઓ 'ત્ર' આવે ત્યારે હાથ મિલાવે, શ્ર આવે ત્યારે ખભે હાથ મૂકે અને ઋ આવે ત્યારે માથા પર હાથ મૂકે તેવી સૂચના આપો.

ચિત્રા, ઋત્વિક અને શ્રાવણી ત્રણેય પાક્કાં મિત્રો હતાં. શ્રાવણી હંમેશાં કહેતી કે ચોમાસાની ઋતુમાં વરસાદ આવ્યા પછી તેનું ગામડું ખૂબ સુંદર દેખાતું. વળી, તેના ગામ તરફ કોઈ ઋષિનો આશ્રમ હતો. તેમણે આગાહી કરી હતી કે આ વર્ષે શ્રાવણીના ગામ તરફ વરસાદ ખૂબ સારો થશે. ઋત્વિકે કહ્યું કે તેણે સમાચારમાં સાંભળ્યું હતું કે વરસાદ ખૂબ સારો થવાનો છે. ગઈકાલે જ તેના મોટાભાઈ ઋષભે પણ તેને છાપું વાંચીને એમ જ કહ્યું હતું. ત્રણેય મિત્રોએ નક્કી કર્યું કે વરસાદ આવ્યા પછી તેઓ તેમના બધાં જ મિત્રો પવિત્રા, શ્રેણિકા, યાત્રા અને ઋતાને લઈને શ્રાવણીના ગામડે ફરવા જશે. શ્રીખંડ-પૂરી જમશે અને મજા કરશે.

## વાક્ય સુધારીને લખો :

(૧) ચિત્રા, ઋષભ અને શ્રાવણી ત્રણેય પાક્કાં મિત્રો હતાં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૨) ઋતાના ગામ તરફ ઋષિનો આશ્રમ હતો.

(૩) ચિત્રાના ગામ તરફ ખૂબ સારો વરસાદ થવાનો છે.

(૪) ઋષભના મોટા ભાઈનું નામ ઋત્વિક છે.

(૫) પવિત્રા શ્રાવણીની પાક્કી મિત્ર હતી.

(૬) વરસાદ આવ્યા પછી બધાં જ મિત્રો શ્રેણિકના ગામડે ફરવા જવાનાં હતાં.

(૭) બધાં મિત્રોએ શીરો-પૂરી જમીને મજા કરવાનું વિચાર્યું હતું.

## રમત :

**કક્કા જાસૂસ :**

"વરસાદ પછી..." ફકરામાંથી કક્કા જાસૂસ રમત રમાડો.

| અક્ષર | ઋ | શ્ર | ત્ર | ણ | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા | | | | | |

## જરા હસીએ :

(૧) ટીની : મને જંગલમાં બીક ના લાગે.

મીની : કેમ?

ટીની : હું ત્યાં જઉં તો લાગે ને!

(૨) પપ્પા : બેટા, કેવું ચાલે છે સ્કૂલમાં ? ભણવાનું ?

પિન્ટુ : આવા સવાલ ના કરશો પપ્પા !

પપ્પા : કેમ ?

પિન્ટુ : હું તમને કદી પૂછું છું, કેવું ચાલે છે ઓફિસમાં ? કામમાં ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in